જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૪/૨૦૧૮ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૩૧ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૩૬/૧૮

**આનંદનગર :** દર્શીલભાઇ પરેશભાઇ શાહ (ઉ.વ.૩૨)(રહે,મંગલદીપ ફ્લેટસ, પૃથ્વી ટાવર સામે જોધપુર ગામ રોડ સેટેલાઇટ) એ તા.૦૧/૦૪/૧૮ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૨/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે કોઇ અજાણ્યા જાણ ભેદુ માણસે દર્શીલભાઇની પ્રાઇવેટ-કી ચોરી કરી, તેમના સર્વરમાંથી “ઇથેરીયમ” નામનો ડેટા જેની તે સમયે બજાર કિંમત રૂપીયા ૪૦ લાખ તથા હાલની બજાર કિંમત રૂપિયા ૨૦ લાખની છે, જેની ચોરી કરી દર્શીલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી પી.બી.ચૌહાણ ચલાવે છે.

## ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૬૩૭/૧૮

**ખોખરા :** ગીરીશભાઇ ગોવિંદલાલ લાધાવાલા (રહે.દીપમાલા એપાર્ટમેન્ટ મણીયાસા તલાવડી પાસે મણીનગર પુર્વે ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૩/૧૮ સાંજના ૫/૧૫ વાગ્યાથી તા.૦૧/૦૪/૧૮ કલાક ૧૧/૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૭,૬૭,૫૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જે.ઝાલા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૬૩૮/૧૮**

**ખોખરાઃ** હસમુખભાઇ રઘાજી દેસાઇ (રહે,સાગર સોસાયટી સત્યનારાયણ રો-હાઉસની બાજુમાં શિવમ હોસ્પીટલની બાજુમાં ખોખરા) એ તા.૩૧/૦૩/૧૮ રાતના ૧૧/૦૦ વાગે સત્યનારાયણ રો-હાઉસ મકાનની પાછળ શિવમ હોસ્પીટલની બાજુમાં ખુલ્લા મેદાનમાં પોતાની ઇકો ગાડી નંબર જીજે.૨૭.કે. ૪૦૨૪ કિંમત રૂપિયા ૧,૭૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૧/૦૪/૧૮ કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હસમુખભાઇ દેસાઇ એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**વીજ કરંટ લાગતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૬૩૯/૧૮**

**દાણીલીમડાઃ** મોહમદઉમર અબ્દુલસફરખાન શેખ (ઉ.વ.૩૫) (રહે.એવન નગરી ખજુરીના ઝાડ બેરલ માર્કેટ દાણીલીમડા) તા.૨૮/૦૩/૧૮ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે નારોલ કચરાના ઢગલા ઉપર બાથરૂમ કરવા જતા હતા ત્યારે વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૪/૧૮ ના કલાક ૨/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદકુમાર થાવરાજી ચલાવે છે.

**વટવાઃ** વસંતીબહેન વા/ઓ તખતસિંહ ચૌહાણ (ઉ.વ.૫૦) (રહે.હરિકૃપા સોસાયટી પી.ડી.પંડ્યા રોડ સ્મૃતિ મંદિર પાસે ઘોડાસર વટવા) તા.૦૧/૦૪/૧૮ કલાક ૦૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરનુ કમ્પાઉન્ડ ધોતા હતા તે વખતે નળમાંથી પાઇપ નિકળી જતા પાઇપ લગાડતી વખતે વીજ કરંટ લાગતા બેભાન થઇ જતા, સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ વસંતીબહેનને મૃત જાહેર કર્યા હતા આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.